# બહુચરાજી માતાનો

# ગરબો

સોળ કડીની સાથે.

---

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર

**બારોટ—રેવાભાઇ ભગવાનજી,**

ઠે. માળપુર—હલીમની ખડકી પાસે—અમદાવાદ

---

આવૃત્તિ ૧ લી          પ્રત ૧૦૦૦

સને ૧૯૨૪

---

અમદાવાદ—શ્રી સત્ય સાગર પ્રીન્ટીંગ પ્રેસમાં
પટેલ જીવાભાઈ ચકુભાઇએ છાપ્યાં
ઠે. પીરમશા રોડ

---

કીંમત ૦–૨–૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ
૧૧૫૫૮

સને ૧૮૬૭ ના ૨૫ મા ઍકટ પ્રમાણે
પ્રસિદ્ધ કર્તાએ સર્વે હક્ક સ્વાધીન રાખ્યા છે

## गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराअिट विभाग ]

अनुक्रमांक ૨૧૫૯૮ वर्गांक

पुस्तकनु नाम [illegible]

विषय ट-:१

બહુચરાજી માતાનો ગરબો

# બહુચરાજી માતાનો ગરબો.

(રાગ ગોરમાનો.)

જીરે જીરે ગણપત લાગુ પાય,
સદા સુખ આપજોરે લોલ,
જીરે જીરે બહુચર કરજો મેલ,
કષ્ટ સહુ કાપજોરે લોલ.

સાખી—ગુજરત ગામ છે કાલરી, એકસો આઠજ ગામ,
ગજા વસેછે રીઝમા, જીરે જીરે વજો સોલકી એનુ નામ
મારી બહુચરમા ચુવાળ ચોકની રાય, સદા સુખ આપજોરે લોલ
સાખી—ભલી ગાદી ભોગવે સરવે વાતનુ સુખ
વજા સોલકીને વસ્તાર નહતો, જીરે જીરે
દેવીએ મટાડ્યુ એનુ દુખ — મારી ચ
સાખી—રાણી જે રાજા તણી, પીઅર પાટણુ થાય
દન ચડતો વાઘેલીને થયો,
જીરે જીરે પરમન બહુચરમાય — મારી ચ

સાખી—રાજા રાણી આનંદમાં, વીત્યા છે દસ માસ
 રાતે જનમી બેટડી,
 જીરે જીરે ઉર હતી પુત્રની આશ મારી ચ
સાખી—જન્મી પુત્રી જે સમે, મધ રાત્રીને ટાણે
 પુત્રની વધાઈ મોકલી,
 જીરે જીરે રાણીને વડારણ જાણે મારી ચ
સાખી—નોબત વાગી નેહથી, હરખ તણો નહિ પાર
 સાકર વેચી સારા શહેરમાં, જીરે જીર,
 હરખ્યુ વરણુ અઢાર, મારી ચ
સાખી—પોશાક પેરાવે મરદના, તેજમહાલ પાડયુ નામ
 તેર વરસનો કુવર થયો,
 જીરે જીરે વીવાહ કર્યો વસાઈ ગામ મારી ચ.
સાખી—નારી વરસે સોળની, જુગતે મલીઓ જોગ
 તેજમાલ પાસે મહેલમાં
 જીરે જીરે ભામનીએ માગ્યો ભોગ, મારી ચ
સાખી—તેજમાલ ગભરાયો ઘણો, ઉત્તર શો દેવાય,
 નારી સાથે નારી વરી,
 જીરે જીરે હવે એનુ તે શુ થાય મારી ચ
સાખી—કર ઝાલી કહે કામની, હેતે જોડી હાથ,
 નારી થઇ નારી વરયા,
 જીરે જીરે કેમ કરી ચાલે ઘર સાથ મારી ચ.
સાખી—આસુ ધારા આખે વહે, બહુ રૂવે છે બાળ,
 પાપ મલ્યા પહેલા ભવ તણા,

જીરે જીરે કામનીએ કુટયુ કપાળ                    મારી ચ
સાખી—આકાશ તુટયુ એ સમે, ધગે અગ્ની ધાર,
માતા પીતા મરજો તમો,
જીરે જીરે જોયા વિના શોધ્યો ભરથાર,                    મારી ચ.
સાખી—ચોડે ન્હાડે પીયર ગઇ, પુછે માતને તાત
કના દુ:ખે બેટા દુબળી,
જીરે જીરે વહાલી કહેને સાચી વાત                    મારી ચ
સાખી—સુખ દુ:ખ હવે શુ કહુ, ભાવે લખીઉં ભાગ
ગરથુથી દેવી હતી ઝેરની,
જીરે જીરે ડસીઓ ના કાળુડો નાગ,                    મારી ચ
સાખી—સાચી વાત શુ કહુ, ભય ઉપજે છે ભારી
વીવાહ કર્યો જોયા વિના,
જીરે જીરે નર કરી પરણાવી નારી                    મારી ચ
સાખી—ગુસ્સો ચઢી ગયો તાતને ધેર્ય ઉરમા ધારયુ
માણસ મોકલ્યુ જમાઇને તેડવા,
જીરે જીરે ઘેર આવે તો ઠેર મારૂ                    મારી ચ
સાખી—સાતસે સોલકી સાથમા, સજીયો કાલરી ગામ
તેજમાલ આવ્યો સાસરે,
જીરે જીરે વધાઇ વસાઇ ગામ.                    મારી ચ.
સાખી—તેજમાલને પાણી આપ્યુ, નાવા બેઠો નાથ
સાસરાએ નારી ઓળખી,
જીરે જીરે ખડક તાણ્યુ એણે હાથ.                    મારી ચ
સાખી—ધુમ પાડી બહુ શહેરમા, આવ્યા મોગલ હજાર,

તેજમાલે મગાવી લાલ ઘોડલી,

જીરે જીરે મોગલોને મારી થયો સ્વાર મારી ચ

સાખી—તેજમાલનુ દુખ જાણીને, ધોળે પરવતથી ધાય

બહુચર આવ્યા એક્ષમા

જીરે જીરે કોટ કુદીને લાલ જાય, મારી ચ

સાખી—લાલ ઝાલી રહેતી નથી પાછળ તુનરી થાય

કાલરી ફેરે મારગે,

જીરે જીરે પરસેવે ઉર અકળાય મારી ચ

સાખી—બુરૂ વન તળાવડી નીર્મળ જોયુ નીર

કુતરી નાહીને બહાર નીકળી,

જીરે જીરે કુતરા થઇ ઉભો સામી તીર, મારી ચ

સાખી—નવરાવી લાલને તે સમે ઘોડીનો ઘોડો થાય

તેજમાલ નાહ્યા હરખમા,

જીરે જીરે નારીનો નર કર્યો માય મારી ચ

સાખી—વરખીડીએ તીસુળ કરયુ, આપન કીધુ ઠીક

દરસન દીધા માતજી,

જીરે જીરે કીધુછે કામ અધીક મારી ચ.

સાખી—માજીના પરતાપથી, સાસરે આવ્યો શામ

પ્રીતે આપ્યુ પારખુ,

જીરે જીરે ચાવડીને લાવ્યો આપ ધામ મારી ચ.

સાખી—વરખડી જાય બીરાજીયા, કરયુ સોલકીનુ કામ,

નારીનો નર બનાવીયો,

જીરે જીરે નવ ખડ કીધુ નામ મારી ચ

સાખી—દહેઃ ફગાવ્યુ માતનુ, સોલકી મળીયા સાથ,
પુરી નાખી તળાવડી,
જીર જીરે મોલકી નમ્યો જોડી હાથ મારી ચ
સાખી—બરદાળી તુ બહુચરા, મરદા હીંદી માય,
પછમ ફેરી પાતશાહ,
જીરે જીરે ગુજગાતની તુ રાય. મારી ચ
સાખી—મોગલે કુકર મારીયા, ખુશીથી ગયા ખાય
પેટ ફુળ ફાડી નીકળ્યા,
જીરે જીરે પાતશાહ લાગ્યો ઘણો પાય મારી ચ
સાખી—આધળાને આખો મળે, પાગળાને મળે પાય
લક્ષ્મી લાભ માજી આપશે,
જીરે જીરે વ ઝાને પુત્ર ઘણા થાય મારી ચ
સાખી—બહુચર રહેજો બેલમા, ત્રીવદા હરજો તાપ,
સદા રાખજો આનદમા,
જીરે જીરે માતાજી ભુલ કરજો માફ મારી ચ
સાખી—દાસ તણા દુખ ભાગજો, રેવાજી ગુણ ગાય,
રાજનગર રહીએ અમો,
જીરે જીરે મોટી તુ માત મહુમાય મારી ચ

# સમાપ્ત.

## સ્તુતી ચંદ્રાયણી. ૧૧૫૫૯

૧

પરથમ સુતા સાઈલ, બીજી બ્રહ્મ તારણીજી,
ત્રીજી ચંદ્ર ઘટેચી કોસમાંડા ધારણીજી
પાચમી સ્કંધમાત, છઠ્ઠી કાત્યાયની,
કાલ રાત્રી શીવા સુદ્ધ સીધી સુખદાયની

૨

એ નવ દુર્ગા નામ, જપે જન જાગતીજી,
સગતીની કરો સેવ, ભક્ષી છબી ભાગતીજી
મોટા મોટા દેવ, દરશન ચાય છે,
બહુચર માય પ્રતાપ, સદા સુખ થાય છે

૩

બળદાળી બહુચર માત, વંગે જાઉં વારણેજી,
ઘોળે પરવતથી ધાયા, મોકલીને કારણેજી,
કરી તલાવડી વન, નીરમળ નીર છે,
ઘોડી લઈ આવ્યો રાય, નારીનુ શરીર છે

૪

નાહીને કુતરી નીરથી, બેઠી બારણેજી,
બન્યો કુતરો બેસ, જોયુ જગ તારણેજી,
નવરાવી ઘોડી નેહ, તોરી બન્યો તેહથી,
નારીનો બન્યો નર, બદલાયો દેહથી

?

---